ધારાસભ્યશ્રી સંજયસિંહ મહીડા (મહુધા)

## પ્રશ્નઃ પંચાયતી રાજ વ્યવસ્થા પંચાયતોના વહીવટના સુદ્રઢીકરણ કરવામાં નાયબ જીલ્લા વિકાસ અધિકારીની શું ભુમિકા છે ?

---

**જવાબ**

પંચાયતી રાજ વ્યવસ્થામાં નાયબ જીલ્લા વિકાસ અધિકારીની ભુમિકા અગત્યની છે. જીલ્લા પંચાયતની વહીવટી શાખાઓ જેવી કે મહેસુલ, વિકાસ, મહેકમ અને પંચાયતના શાખા અધિકારી તરીકે નાયબ જીલ્લા વિકાસ અધિકારી કામગીરી કરે છે.

- **નાયબ જીલ્લા વિકાસ અધિકારી (મહેસુલ, મહેકમ) તરીકે....**
- જિલ્લા પંચાયત હેઠળના વર્ગ–૧,૨ ના અધિકારીશ્રીની સેવા–મહેકમ વિષયક કામગીરી
- વર્ગ–૩ અને વર્ગ–૪ ની સેવા–મહેકમ વિષયક કામગીરી
- જુનિયર કલાર્ક અને ત.ક.મંત્રી સંવર્ગના નિમણૂક સત્તાધિકારી તરીકેની કામગીરી
- જિલ્લા પંચાયતના નિયંત્રણ હેઠળના વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓની બદલી, બઢતી અને પ્રાથમિક, ખાતાકીય તપાસની કામગીરી
- જિલ્લા પંચાયતની મહેકમ શાખા, મહેસુલ શાખા, પંચાયત શાખા, વહિવટ શાખા, રજિસ્ટ્રી શાખાના કર્મચારીઓની કામગીરીના નિયંત્રણની કામગીરી
- જમીન મહેસુલને લગત જીલ્લા પંચાયતને સુપ્રત થયેલ અધિકારો પરત્વેની કામગીરીના અમલીકરણ બાબત.
- મહેસુલ શાખા દ્વારા દબાણો દુર કરવા સંબંધી કામગીરી

- સરકારશ્રી તરફથી મળતી વિવિધ સુચનાઓની અમલ કરાવવા બાબત
- **નાયબ જીલ્લા વિકાસ અધિકારી (પંચાયત, વિકાસ)ની કામગીરી જેવી કે**
- વિકાસના કામોમાં દેખરેખ અને નિયંત્રણ રાખવું.
- ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૫૪(૩) મુજબ સરપંચ રાજીનામાની તકરાર અંગે નિર્ણય કરવાના અધિકારો.
- જિલ્લા પંચાયતની સામાન્ય સભા/કારોબારી સભા/અપીલ સમિતિ ની બેઠક બોલાવવાના અધિકારોને લગતી કામગીરી
- જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ સામે પંચાયત અધિનિયમ મુજબ પગલાં લેવાના અધિકારો પરત્વેની કામગીરી
- સરકારશ્રીની વિકાસલક્ષી યોજનાઓ અંતર્ગત ગ્રાન્ટ ફાળવણી અને મોનીટરીંગની કામગીરી
- ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓશ્રીઓની તાલીમનું આયોજન.
- ગ્રામ પંચાયતની તપાસણી તથા સુપરવીઝન
- ગ્રામસભાનું આયોજન, રિપોર્ટિંગ તથા ગ્રામ સભામાં રજૂ થયેલ પ્રશ્નોના નિકાલ કરવા બાબત
- ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ હેઠળ જીલ્લા પંચાયતને સુપ્રત થયેલ કાર્યો અને ફરજો મુજબની કામગીરી
- નાણાપંચની કામગીરી
- ગ્રામ પંચાયતમાં માળખાકીય સુવિધા વિષયક કામગીરી

**પ્રશ્ન : નાયબ જિલ્લા વિકાસ અધિકારીમાં બઢતી પામવા માટે શી શી જોગવાઇ છે?**

---

**જવાબ :** તાલુકા વિકાસ અધિકારી, વર્ગ–૨ માંથી  નાયબ જિલા વિકાસ અધિકારી તરીકે બઢતી મેળવવા માટે

– નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી મેળવવા માટે નિયમિત નિમણૂકમનો હુકમ  થયેલો હોવો જોઇએ તેમજ  પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા, ખાતાકીય પરીક્ષા, સીસીસી+ પરીક્ષા જેવી પરીક્ષાઓ પાસ કરવાની રહે છે. વધુમાં પાંચ વર્ષના કામગીરી મૂલ્યાંકન અહેવાલ તેમજ ખાતાકીય તપાસ અંગેના  પ્રમાણપત્રની જરૂરીયાત રહે છે.

**પ્રશ્ન: તારીખ ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી જિલ્લા પંચાયતોમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની મંજુર થયેલ ૧૦૦% જગ્યાઓ ભરાયેલ છે?**

---

**જવાબ :** હાલની સ્થિતિએ રાજ્યની ૨૭(સત્યાવીસ)જિલ્લા પંચાયતોમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની મંજુર થયેલ ૧૦૦% જગ્યાઓ ભરાયેલ છે.

૨૭(સત્યાવીસ) જિલ્લાના નામ:

| | |
|---|---|
| (૧) અમદાવાદ | (૨) આણંદ |
| (૩) અરવલ્લી | (૪) બનાસકાંઠા |
| (૫) ભરૂચ | (૬) ભાવનગર |
| (૭) બોટાદ | (૮) છોટાઉદેપુર |
| (૯) ડાંગ | (૧૦) દેવભૂમિ-દ્વારકા |
| (૧૧) દાહોદ | (૧૨) ગાંધીનગર |
| (૧૩) ખેડા | (૧૪) કચ્છ |
| (૧૫) મહીસાગર | (૧૬) મહેસાણા |
| (૧૭) મોરબી | (૧૮) નર્મદા |
| (૧૯) નવસારી | (૨૦) પંચમહાલ |
| (૨૧) પાટણ | (૨૨) પોરબંદર |
| (૨૩) સાબરકાંઠા | (૨૪) સુરત |
| (૨૫) તાપી | (૨૬) વડોદરા |
| (૨૭) સુરેન્દ્રનગર | |

**પ્રશ્ન : તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની જિલ્લા પંચાયતોમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની કુલ કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે ? તેમજ મંજૂર જગ્યાઓ પૈકીની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ? આ ખાલી જગ્યાઓ ભરવાનું શું આયોજન છે ?**

---

**જવાબ :** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની જિલ્લા પંચાયતોમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની કુલ-**૭૫** જગ્યાઓ મંજુર થયેલ છે તેમજ મંજૂર જગ્યાઓ પૈકીની **૬૯** જગ્યાઓ ભરાયેલ છે અને **૬** જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ભરવામાં આવે છે. સીધી ભરતીની પ્રક્રિયા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. જ્યારે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૯ ના ઠરાવથી પંચાયત વિભાગને ફાળે આવતી બઢતીની જગ્યાઓ પર બઢતીની પ્રક્રિયા પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ બઢતીથી ભરવાપાત્ર જગ્યાઓ પર બઢતી આપવાની પ્રક્રિયા બઢતી માટેની લાયકાત ધરાવતા અધિકારી ઉપલબ્ધ થયેથી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે.

રીમાર્ક્સ :- સુશ્રી વિરલ આઇ.દેસાઇ, તત્કાલિન નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત કચેરી, સુરેન્દ્રનગરનું તા.૦૧/૦૧/૨૦૨૪ના રોજ કચેરી સમયબાદથી સરકારી સેવામાંથી રાજીનામું મંજૂર કરવામાં આવેલ છે.

**પ્રશ્ન : છેલ્લા બે વર્ષ માં નાયબ જિલ્લા વિકાસ અધિકારી વર્ગ-૧ સંવર્ગમાં બઢતીથી કુલ કેટલા અધિકારીઓને નિમણૂક આપવામાં આવેલ છે ?**

---

**જવાબ :** પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ માંથી ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ (જુ.સ્કેલ) માં **કુલ-૬૯** અધિકારીઓને બઢતી આપવામાં આવેલ છે. જે પૈકી વિભાગ દ્વારા કુલ **૫૮** અધિકારીઓને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિમણૂક આપવામાં આવેલ છે.

# પંચાયત વિભાગ હેઠળની ગુજરાત વહીવટી સેવા, વર્ગ–૧ની જગ્યાઓની વિગત

| ક્રમ | જિલ્લો | મંજૂર જગ્યા | તા.31.12.23ની સ્થિતીએ | | તા.27.01.24ની સ્થિતીએ | |
|---|---|---|---|---|---|---|
| | | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| 1 | અમદાવાદ | 3 | 3 | 0 | 2 | 1 |
| 2 | આણંદ | 2 | 2 | 0 | 2 | 0 |
| 3 | અરવલ્લી | 2 | 2 | 0 | 2 | 0 |
| 4 | અમરેલી | 3 | 2 | 1 | 2 | 1 |
| 5 | બનાસકાંઠા | 2 | 2 | 0 | 2 | 0 |
| 6 | ભરૂચ | 2 | 2 | 0 | 2 | 0 |
| 7 | ભાવનગર | 3 | 3 | 0 | 2 | 1 |
| 8 | બોટાદ | 2 | 2 | 0 | 1 | 1 |
| 9 | છોટાઉદેપુર | 2 | 2 | 0 | 2 | 0 |
| 10 | ડાંગ | 1 | 1 | 0 | 1 | 0 |
| 11 | દેવભૂમિ–દ્વારકા | 2 | 2 | 0 | 2 | 0 |
| 12 | દાહોદ | 2 | 2 | 0 | 2 | 0 |
| 13 | ગાંધીનગર | 2 | 2 | 0 | 2 | 0 |
| 14 | ગીર–સોમનાથ | 2 | 1 | 1 | 1 | 1 |
| 15 | જામનગર | 3 | 2 | 1 | 1 | 2 |
| 16 | જૂનાગઢ | 3 | 2 | 1 | 1 | 2 |
| 17 | ખેડા | 2 | 2 | 0 | 2 | 0 |
| 18 | કચ્છ | 3 | 3 | 0 | 3 | 0 |
| 19 | મહીસાગર | 2 | 2 | 0 | 2 | 0 |
| 20 | મહેસાણા | 2 | 2 | 0 | 2 | 0 |
| 21 | મોરબી | 2 | 2 | 0 | 2 | 0 |
| 22 | નર્મદા | 2 | 2 | 0 | 2 | 0 |
| 23 | નવસારી | 3 | 3 | 0 | 3 | 0 |
| 24 | પંચમહાલ | 2 | 2 | 0 | 2 | 0 |
| 25 | પાટણ | 2 | 2 | 0 | 2 | 0 |
| 26 | પોરબંદર | 1 | 1 | 0 | 1 | 0 |
| 27 | રાજકોટ | 3 | 2 | 1 | 1 | 2 |
| 28 | સુરેન્દ્રનગર | 3 | 3 | 0 | 2 | 1 |
| 29 | સાબરકાંઠા | 2 | 2 | 0 | 2 | 0 |
| 30 | સુરત | 3 | 3 | 0 | 2 | 1 |
| 31 | તાપી | 2 | 2 | 0 | 2 | 0 |
| 32 | વડોદરા | 3 | 3 | 0 | 3 | 0 |
| 33 | વલસાડ | 2 | 1 | 1 | 1 | 1 |
| **કુલ** | | **75** | **69** | **6** | **61** | **14** |